# વિદ્યાર્થીઓને જાણ સારૂ

## <u>બી.એ./બી.કોમ. (પ્રથમ વર્ષ)</u>માં કોલેજમાં પ્રવેશ અંગે

## વર્ષ : ૨૦૨૨–૨૩

**નોંધ : <u>*તમામ સુચનાઓ વાંચી પછી જ ફોર્મ ભરવું.*</u>**

ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહનું ઓનલાઈન રીઝલ્ટ આવેથી તુરંત પ્રવેશ અંગેની કાર્યવાહી શરૂ થશે અને સાત (૭) દિવસમાં પુર્ણ થશે. ફોર્મ સ્વીકારવા અંગેની વિગતવાર જાહેરાત નોટીસબોર્ડ ઉપર પણ મુકવામાં આવી છે

## ❖ ફોર્મ રજીસ્ટ્રેશન કરાવવા બાબત :

જે વિદ્યાર્થીઓ પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેમણે કોલેજની વેબસાઈટ WWW.SPEFDEESACOLLEGES.ORG પરથી પ્રમાણપત્રોને આધારે ઓનલાઈન ફોર્મ ભરી પ્રિન્ટ કાઢી ફોર્મમાં નિયત કરેલ જગ્યાએ તાજેતરનો ઓનલાઈન ફોર્મમાં જેવો ફોટો સ્કેન કરીને અપલોડ કરેલ તેવો જ ફોટો ચોંટાડી જરૂરી પ્રમાણપત્રો સાથે કોલેજ કાર્યાલયમાં જમા કરાવી **રજીસ્ટ્રેશન ફી રૂા. ૧૦૦/–** ભરી પાવતી મેળવી લેવાની રહેશે. અને તેવા જ વિદ્યાર્થીઓનું મેરીટ યાદીમાં નામ સમાવવામાં આવશે. ફકત ફોર્મ ભરવાથી મેરીટ યાદીમાં સમાવેશ થશે નહી.

**<u>રજીસ્ટ્રેશન ફી સાથે ફોર્મ જમા કરાવવું જરૂરી છે.</u>**

**નોંધ : ઓનલાઈન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓએ ડોકયુમેન્ટને આધારે જ ફોર્મ ભરવાનું રહેશે. કોઈપણ પ્રકારની ભુલ હશે તો ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.**

ડીસા (બ. કાં.)

## <u>પ્રવેશ ફોર્મ સાથે નીચે મુજબના જરૂરી તમામ પ્રમાણપત્રોની સ્વ–પ્રમાણિત નકલ સામેલ રાખવી.</u>

- ફ્રેશ પાસપોર્ટ સાઈઝનો ફોટો (ઓનલાઈન ફોર્મમાં તાજેતરનો ફોટો સ્કેન કરેલ હોય તેવો જ ફોટો લગાવવો)
- શાળા છોડયાનુ પ્રમાણપત્ર (L.C.)
- ધો.–૧૨ની તમામ પ્રયત્નો (પાસ–નાપાસ)ની માર્કશીટ
- ટ્રાયલ સર્ટીફિકેટ
- આધાર કાર્ડ / આધાર એનરોલમેન્ટની નકલ
- રેશન કાર્ડની નકલ
- અપંગ હોય તો અપંગતાનો દાખલો (લાગુ પડતુ હોય તો)
- જાતિનો દાખલો (SC, ST, OBC, EWS...) (લાગુ પડતુ હોય તો)
- આવકનો દાખલો (SC, ST, OBC, EWS...) (લાગુ પડતુ હોય તો)
- બક્ષીપંચ જાતિના વિદ્યાર્થીઓએ જાતિના દાખલા ઉપરાંત **<u>તા.૦૧/૦૪/૨૦૨૦</u>** કે તે પછીનું સક્ષમ અધિકારીશ્રીનું "ઉન્નત વર્ગમાં આવતા નથી."તેવું **<u>'પરિશિષ્ટ–૪'</u>** જોડવાનું રહેશે. (બક્ષીપંચ અનામત જગ્યા ઉપર પ્રવેશનો લાભ લેવો હોય તેમણે જ જોડવું)
- રાજય કે રાષ્ટ્રીય કક્ષાએ **સાંસ્કૃતિક/રમત ગમત** ક્ષેત્રે મેળવેલ સિધ્ધિના પ્રમાણપત્રો (જો હોય તો)
- માર્ચ ૨૦૨૨ પહેલા ધોરણ–૧૨ પાસ કરેલ હોય અને અભ્યાસમાં તુટ પડેલ હોય તો રૂા.૫૦/– ના સ્ટેમ્પ ઉપર નોટરી કરાવેલ સોગંદનામાની નકલ જોડવી. (લાગુ પડતુ હોય તો)
- External વિદ્યાર્થી તરીકે ધોરણ–૧૨ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓએ Enrollment Certificate તથા ટ્રાયલ સર્ટીની પ્રમાણિત નકલ અવશ્ય જોડવી.

## ❖ <u>પ્રવેશ પાત્રતા : બી.એ.સેમેસ્ટર–૧</u>

પ્રથમ સેમેસ્ટર બી.એ.માં પ્રવેશ મેળવવા માટે પ્રવેશાર્થીએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ઉચ્ચતર માધ્યમિક શાળાંત પરીક્ષા કે યુનિવર્સિટીએ તેની સમકક્ષ ગણેલ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. (કોઈપણ પ્રવાહ / વિષય સાથે પાસ)

## ❖ <u>પ્રવેશ પાત્રતા : બી.કોમ.સેમેસ્ટર–૧</u>

પ્રથમ સેમેસ્ટર બી.કોમ.માં પ્રવેશ મેળવવા માટે પ્રવેશાર્થીએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ઉચ્ચતર માધ્યમિક શાળાંત પરીક્ષા કે યુનિવર્સિટીએ તેની સમકક્ષ ગણેલ પરીક્ષા નીચેના વિષયો સાથે ઉતીર્ણ કરેલ હોવી જોઈએ.

**૧.** નામાનાં મુળતત્વો(એકાઉન્ટન્સી), **૨.** વાણીજય સંચાલન તથા

નીચેના પૈકી કોઈપણ એક વિષય

**૧.** અર્થશાસ્ત્ર, **૨.**વાણિજય ગણિત, **૩.** આંકડાશાસ્ત્ર, **૪.** બેંકિંગ

**નોંધ :** **૧.** અન્ય રાજયમાંથી ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીએ પ્રવેશ ફોર્મ સાથે ઉ.ગુ.યુનિવર્સિટીમાંથી Eligibility Certificate મેળવી ફોર્મ સાથે જોડવું.

**૨. કોમર્સના વિદ્યાર્થીએ <u>બી.એ. અને બી.કોમ.સેમ.–૧ બન્નેમાં અરજી કરવા ઈચ્છતા હોય તો અલગ અલગ ફોર્મ–ફી ભરી રર્જીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.</u>**

ડીસા (બ. કાં.)

# પ્રવેશ માટેના બેઠકોની ફાળવણી

**પ્રથમ સેમેસ્ટર વિનયન(આર્ટ્સ)ના વર્ગમાં ઉચ્ચતર માધ્યમિક શાળાંત પરીક્ષાની વિવિધ પ્રવાહોની પરીક્ષા પસાર કરેલ પ્રવેશાર્થીઓ માટે નીચે પ્રમાણે બેઠકો ફાળવવામાં આવશે.**

**૧.** ૮૭ % બેઠકો આર્ટ્સના વિષય સાથે ધો.–૧૨ પાસ કરનાર માટે

**૨.** ૨.૫ % બેઠકો કોમર્સના વિષય સાથે ધો.–૧૨ પાસ કરનાર માટે

**૩.** ૨.૫ % બેઠકો વિજ્ઞાનના વિષય સાથે ધો.–૧૨ પાસ કરનાર માટે

**૪.** ૨ % બેઠકો વ્યયસાયલક્ષીના વિષય સાથે ધો.–૧૨ પાસ કરનાર માટે

**૫.** ૨ % બેઠકો ટેકનીકલ વિષય સાથે ધો.–૧૨ પાસ કરનાર માટે

**૬.** ૨ % બેઠકો ઉત્તર બુનીયાદી વિષય સાથે ધો.–૧૨ પાસ કરનાર માટે

**૭.** ૨ % બેઠકો ખેતીવાડી પ્રવાહ વિષય સાથે ધો.–૧૨ પાસ કરનાર માટે

## અનામત બેઠકોની ફાળવણી :

**૧.** અનુસુચિત જાતિ (SC)____________07 %

**૨.** અનુસુચિત જનજાતિ (SТ)__________15 %

**૩.** બક્ષીપંચ (SEBC)_______________27 %

**૪.** અપંગ (PH)___________________03 %

**૫.** માજી/ચાલુ સંરક્ષણ દળના જવાનોના સંતાન (Ex-Serviceman)___01 %

**૬.** બિનઅનામત (OPEN SEATS)______47 %

**૭.** આર્થિક રીતે નબળા ( EWSs )_______10 %

(આર્થિક રીતે નબળા વર્ગ–૧૦% પૈકી ૩૩ % બહેનો માટે અનામત રહેશે.)

જે તે અનામત બેઠકો પર પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મ સાથે જ જાતિ અંગેનું જે તે સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર તથા બક્ષીપંચ (SEBC)ના વિદ્યાર્થીઓએ સામાજિક અને શૈક્ષણિક પછાત (SEBC)ના દાખલા ઉપરાંત તા.૦૧–૦૪–૨૦૨૦ કે તે પછી કઢાવેલ "પરિશિષ્ટ–૪" ઉન્નત વર્ગમાં આવતા નથી, તેવો મામલતદારશ્રીનો / સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર સામેલ કરવું.

રાજય કે રાષ્ટ્રિય કક્ષાએ સાંસ્કૃતિક / રમત ગમત ક્ષેત્રે મેળવેલ સિધ્ધિના પ્રમાણપત્રો મેળવેલ હોય તો તેની નકલ જોડવી. જેથી સ્પોર્ટ્સ કવોટામાં પ્રવેશની તક મળે.

**ઉપર મુજબ લાગુ પડતાં પ્રમાણપત્રો પ્રવેશ ફોર્મ સાથે જોડેલ નહી હોય તો જે તે અનામત કેટેગરીની બેઠકોમાં પ્રવેશ મળશે નહી. આવા વિદ્યાર્થીઓને જનરલ કેટેગરીના ઉમેદવાર ગણી પ્રવેશ કાર્યવાહી થશે. ફોર્મ જમા કરાવ્યા પછી પાછળથી આવા પ્રમાણપત્રો સ્વીકારવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.**

## મેરીટ યાદી

૧. ધોરણ–૧૨ ***સામાન્ય પ્રવાહમાં કુલ ૭૦૦ ગુણમાંથી મેળવેલ ગુણ દર્શાવવા.***
ધોરણ–૧૨ ***વિજ્ઞાન પ્રવાહમાં કુલ ૫૦૦ ગુણમાંથી મેળવેલ ગુણ દર્શાવવા.***
( વિષય મુકિત સાથે એક કરતાં વધુ પ્રયત્ને પાસ કરનારે જે તે વિષય પાસ કરતી વખતે મેળવેલ ગુણ ગણતરીમાં લેવા. (**પ્રેકટીકલ વિષયના ગુણ ગણવાના નથી.**)

૨. એક કરતાં વધુ પ્રયત્ને HSC પાસ કરનારને પ્રયત્ન દીઠ ૧૦ ગુણ કપાત થશે.

૩. કોલેજ જે વિસ્તારમાં હોય તે તાલુકાની સ્કુલના વિદ્યાર્થી હોય તો **કુલ ગુણમાં ૧૫ ગુણ** ઉમેરાશે.

૪. કન્યાના ૧૦ ગુણ ઉમેરાશે.

**ઉપર મુજબ ગુણની ગણતરી કરી મેરીટ યાદી બનશે.**

**નોંધ :** મેરીટ યાદી નોટીસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવે ત્યારે પોતાનુ મેરીટ નિયમ મુજબ બરાબર છે કે નહી તે ચેક કરી લેવાની રહેશે અને પોતાનો મેરીટ ક્રમ નોંધી લેવો. કોઈપણ પ્રકારની ભુલ હોય તો તે જ દિવસે આચાર્યશ્રીને મળીને ભુલ સુધારી લેવાની રહેશે. **પ્રવેશ યાદી જાહેર થયા પછી કોઈ રજુઆત ધ્યાનમાં લેવામાં આવશે નહી.**

મેરીટ યાદીના આધારે તૈયાર કરેલ પ્રવેશ યાદી જયારે નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવે ત્યારે તેમાં **જણાવેલ સમય મર્યાદામાં ફી ભરી પ્રવેશ મેળવી લેવાનો રહેશે. સમય મર્યાદામાં ફી નહી ભરનારનો પ્રવેશનો કોઈ હકક રહેશે નહી.**

**ઓનલાઈન ફોર્મ ભરવા સંબંધિત માહિતી કોલેજની વેબસાઈટ ઉપર તેમજ નોટીસબોર્ડ ઉપર મુકેલ છે. જેનો અભ્યાસ કરી ફોર્મ ભરવાની કાર્યવાહી કરવી.**

આ કોલેજમાં ભણાવવામાં આવતા વિષયોની યાદી ડિવિઝન વાઈઝ મુકેલ છે. પ્રવેશ યાદીમાં તમારું નામ આવે ત્યારે વહેલા તે પહેલાના ધોરણે ઓનલાઈન વિષયો પસંદ કરી પ્રવેશ મેળવી લેવાનો રહેશે.

**ખાસ નોંધ : ઉપરોકત તમામ નિયમો અગાઉના વર્ષના નિયમોને આધીન રહીને વિદ્યાર્થીઓની જાણકારી માટે મૂકેલ છે. સરકારશ્રી તથા યુનિવર્સિટીની સૂચનાઓને આધીન ફેરફાર થઈ શકશે.**

**પ્રવેશ આપવા બાબતે તેમજ વિષય પ્રવેશ અંગે આચાર્યશ્રીનો નિર્ણય આખરી રહેશે.**

**કોઈપણ સંજોગોમાં વિષય બદલી આપવામાં આવશે નહી.**

**સ્થળ : ડીસા**
**તારીખ: ૧૦/૦૬/૨૦૨૨**

કોલેજની વેબસાઈટ WWW.SPEFDEESACOLLEGES.ORG ઉપર પ્રમાણપત્રોના આધારે ઓનલાઈન ફોર્મ તા.10/06/2022 થી 17/06/2022 સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધી ભરી શકાશે. તથા ભરેલ ફોર્મ જરૂરી પ્રમાણપત્રો સાથે રજીસ્ટ્રેશન તા.18/06/2022 સવારે ૦૮:૦૦ થી ૧૨:૧૫ દરમ્યાન કોલેજ કાર્યાલયમાં રૂા.૧૦૦/– ભરી રજીસ્ટ્રેશન કરાવી શકાશે. ત્યારપછી કોઈપણ સંજોગોમાં ફોર્મ સ્વિકારવામાં આવશે નહી.

**મેરીટ યાદી જાહેર કરવાની સંભવિત તારીખ :**
**તા. 20/06/2022 સાંજે ૦૫:૦૦ વાગ્યા પછી**

તારીખ: ૧૦/૦૬/૨૦૨૨

# બી.એ.સેમ.–૧માં ભણાવવામાં આવતા વિષયોની યાદી

## નીચેના વિષય ગ્રુપમાંથી કોઈ એક ગ્રુપમાં મેરીટના ધોરણે પ્રવેશ મળશે.

ડીસા (બ. કાં.)

## વર્ષ : ૨૦૨૨–૨૩

| ડિવિઝન | વિષય કોડ<br>Subject Code | મુખ્ય વિષય<br>Core Comp.<br>2 Paper | પ્રથમ ગૌણ<br>Core Elec.<br>2 Paper | દ્વિતિય ગૌણ<br>Elec. Open<br>1 Paper | ઈલેક્ટિવ જેનેરિક<br>E.G.<br>1 Paper | ફરજીયાત<br>Found.<br>Comp.<br>1 Paper | ફરજીયાત<br>Found.<br>Elec.<br>1 Paper |
|---|---|---|---|---|---|---|---|
| A | 0109012109 | ગુજરાતી | સંસ્કૃત | રાજયશાસ્ત્ર | ભારતીય બંધારણ | અંગ્રેજી | સંસ્કૃત |
| B | 0109172109 | ગુજરાતી | મનોવિજ્ઞાન | રાજયશાસ્ત્ર | ભારતીય બંધારણ | અંગ્રેજી | સંસ્કૃત |
| C | 0109210103 | ગુજરાતી | રાજયશાસ્ત્ર | સંસ્કૃત | આદીકાવ્યો | અંગ્રેજી | સંસ્કૃત |
| D | 0122172103 | અર્થશાસ્ત્ર | મનોવિજ્ઞાન | સંસ્કૃત | આદીકાવ્યો | અંગ્રેજી | સંસ્કૃત |
| E | 0122211703 | અર્થશાસ્ત્ર | રાજયશાસ્ત્ર | મનોવિજ્ઞાન | આદીકાવ્યો | અંગ્રેજી | સંસ્કૃત |
| F (Self-Finance) | 0108012111 | અંગ્રેજી | સંસ્કૃત | રાજયશાસ્ત્ર | ફંકશનલ ઈંગ્લિશ | અંગ્રેજી | સંસ્કૃત |
| G (Self-Finance) | 0121200109 | રાજયશાસ્ત્ર | ઈતિહાસ | સંસ્કૃત | ભારતીય બંધારણ | અંગ્રેજી | સંસ્કૃત |
| H (Self-Finance) | 0117202109 | મનોવિજ્ઞાન | ઈતિહાસ | રાજયશાસ્ત્ર | ભારતીય બંધારણ | અંગ્રેજી | સંસ્કૃત |
| I (Self-Finance) | 0120172103 | ઈતિહાસ | મનોવિજ્ઞાન | રાજયશાસ્ત્ર | આદિકાવ્યો | અંગ્રેજી | સંસ્કૃત |

- **ગ્રાન્ટેડના ડિવિઝન ભરાયા પછી જ સેલ્ફ–ફાયનાન્સના વિષયો માટે અલગથી મેરીટ જાહેર કરવામાં આવશે.**

# બી.કોમ.સેમ.–૧માં ભણાવવામાં આવતા વિષયોની યાદી

## નીચેના વિષય ગ્રુપમાંથી કોઈ એક ગ્રુપમાં મેરીટના ધોરણે પ્રવેશ મળશે.

## વર્ષ : ૨૦૨૨–૨૩

| Division | Core Compulsory | Core Elective | Subject Elective | Foundation | Soft Skill |
|---|---|---|---|---|---|
| **A+B +C (Gujarati Medium)** | Fundamentals of Business Eco-1 | Financial Accounting-1 | Basic Statistics-1 | Fundamentals of Banking-1 | Fundamentals of Entrepreneurship-1 |
| | Human Resource Management | | | | |
| | Accountancy-1 | | | | |
| | Communication in Business | | | | |
| **D (Gujarati Medium)** | Fundamentals of Business Eco-1 | Financial Accounting-1 | Secretarial Practice-1 | Fundamentals of Banking-1 | Fundamentals of Entrepreneurship-1 |
| | Human Resource Management | | | | |
| | Accountancy-1 | | | | |
| | Communication in Business | | | | |
| **E (English Medium) Self-Finance** | Fundamentals of Business Eco-1 | Financial Accounting-1 | Basic Statistics-1 | Fundamentals of Banking-1 | Fundamentals of Entrepreneurship-1 |
| | Human Resource Management | | | | |
| | Accountancy-1 | | | | |
| | Communication in Business | | | | |

**એક વખત ફી ભર્યા પછી યુનિવર્સિટી અને ગુજરાત સરકારના નિયમોનુસાર એડમિશન રદ કરાવનારને કપાત કરી ફી પરત મળશે.**

**સ્થળ : ડીસા**
**તારીખ: ૧૦/૦૬/૨૦૨૨**

# ઓનલાઈન ભરેલ ફોર્મની સાથે જરૂરી તમામ પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ જોડી નીચે મુજબના કર્મચારી પાસે રૂબરૂ ફોર્મ ચેક કરાવવું.

| ક્રમ | પ્રવાહ | કર્મચારીનું નામ |
|---|---|---|
| ૧. | બી.એ.સેમ.–૧ | શ્રી દિનેશભાઈ ઠાકોર<br>શ્રી અશોકભાઈ પ્રજાપતિ |
| ૨. | બી.કોમ.સેમ.–૧ | શ્રી તુષારભાઈ મકવાણા<br>શ્રી પ્રવિણભાઈ પ્રજાપતિ |

ફોર્મ ચેક કરાવ્યા પછી બારી નં.૧ માં
શ્રી નિલેશભાઈ ખોડણીયા પાસે ફોર્મ જમા કરાવવું.

તારીખ : ૧૦/૦૬/૨૦૨૨